# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 11-11-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## દિલ્હીમાં કાર વિસ્ફોટ:

દિલ્હીમાં લાલ કિલ્લા નજીક કાર વિસ્ફોટમાં આઠ લોકો માર્યા ગયા છે. ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું કે તપાસકર્તાઓ ધમાકાની તપાસમાં તમામ વિકલ્પોને ધ્યાનમાં લઈ રહ્યા છે. ગઈકાલે સાંજે લગભગ સાત વાગ્યે ટ્રાફિક સિગ્નલ પાસે એક આઈ-ટ્વેન્ટી કારમાં આ ધમાકો થયો હતો. ધમાકામાં આસપાસના અન્ય વાહનોને પણ નુકસાન પહોંચ્યું અને ઘણા લોકો ઘાયલ થયા. શ્રી શાહે કહ્યું કે દિલ્હી પોલીસ, રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) અને રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ (NSG)ની ટીમ તથા ફોરેન્સિક ટુકડીએ તપાસ શરૂ કરી દીધી છે. જલ્દી જ ધમાકાના સાચા કારણોની જાણ થશે.

દિલ્હીના પોલીસ કમિશનર સતીશ ગોલચાએ કહ્યું કે લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન નજીક રેડ લાઇટ પર ધીમી ગતિએ આગળ વધતા એક વાહનમાં વિસ્ફોટ થયો. દિલ્હી પોલીસે ગેર-કાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ, વિસ્ફોટક અધિનિયમ અને ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સમગ્ર પરિસ્થિતિનો તાગ મેળવ્યો અને ગૃહ મંત્રી અમિત શાહ સાથે વાત કરી. શ્રી શાહે વિસ્ફોટ સ્થળની મુલાકાત લીધી અને લોકનાયક જયપ્રકાશ હોસ્પિટલમાં ઘાયલોને મળ્યા. હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટે જણાવ્યું કે આઠ લોકો હોસ્પિટલ પહોંચે તે પહેલા જ મૃત્યુ પામ્યા હતા. ઘણા ઘાયલોની સ્થિતિ ગંભીર છે.

---

## બ્લાસ્ટને પગલે સુરક્ષા એલર્ટ:

દિલ્હીમાં થયેલા કારમાં બ્લાસ્ટ બાદ સમગ્ર રાજ્યમાં સુરક્ષા એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા તકેદારીના ભાગરૂપે રાજ્યભરમાં એલર્ટ માટે આદેશ આપવામાં આવ્યા છે.આના પગલે સરહદી કચ્છ જિલ્લામાં પણ પોલીસ વિભાગ દ્વારા સઘન તપાસ અને પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે.

પૂર્વ અને પશ્ચિમ કચ્છના આવેલા તમામ પોલીસ મથકોના એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ્સ પર વાહનોની તપાસ ચાલી રહી છે. પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓની સૂચનાથી જાહેર સ્થળો અને મુખ્ય માર્ગો પર રાત્રિ પેટ્રોલિંગ પણ સઘન બનાવવામાં આવ્યું છે.

કચ્છના પ્રવેશદ્વાર સમા આડેસર પોલીસ ચેકપોસ્ટ પરથી પસાર થતા તમામ વાહનોને રોકીને ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત, ભુજ સહિત જિલ્લાના દુર્ગમ વિસ્તારોમાં પણ પોલીસની વિવિધ ટીમો નાની-મોટી તમામ ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખી રહી છે.

---

## CM-જનગણના એપ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં જનગણના- સેન્સસ ગુજરાતની અદ્યતન વેબસાઈટ gujarat.census.gov.in નો શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે કહ્યું, દેશમાં આ વખતે આગામી જનગણના 2027 અંતર્ગત પહેલીવાર મોબાઇલ એપ્લિકેશન દ્વારા ડિજિટલ રીતે હાથ ધરાઇ રહી છે. નાગરિકો વેબ પોર્ટલ દ્વારા સુરક્ષિત રીતે તેમનો ડેટા સબમિટ કરી શકે તે માટે પહેલીવાર, સ્વ-ગણતરી સુવિધા પણ રજૂ કરવામાં આવી રહી છે. તેનાથી પાયલટ પ્રોજેક્ટમાં પસંદ થયેલા જિલ્લાઓમાંથી ફર્સ્ટ હેન્ડ એક્સિપિરિયન્સ મળશે.

રાજ્યના જનગણના નિયામક સુજલ મયાત્રાએ આગામી 2027ની જનગણના માટે અભ્યાસ કરાયો અને વિવિધ મોબાઇલ એપ્લિકેશનનું પરિક્ષણ કરાયું.

---

## અમિત શાહ-CO-OP KUMBH:

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કહ્યું, ભારતીય ખેડૂત ખાતર સહકારી સંસ્થા-ઇફ્કો 93 લાખ ટન યુરિયા અને DAPનું ઉત્પાદન કરીને દેશની હરિયાળી ક્રાંતિનો આધારસ્તંભ બન્યું છે. ગઈકાલે નવી દિલ્હીમાં શહેરી સહકારી ધિરાણ ક્ષેત્ર પર આંતરરાષ્ટ્રીય પરિષદ, સહકારી કુંભ 2025નું ઉદ્ઘાટન કરતા, શ્રી શાહે અમૂલ અને ઇફ્કોને આંતરરાષ્ટ્રીય સહકારી જોડાણ વૈશ્વિક ક્રમાંકમાં ટોચની બે સંસ્થાઓ બનવા બદલ અભિનંદન પાઠવ્યા.

---

## સ્કીલ યુનિવર્સિટી:

ગાંધીનગરમાં કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાની ઉપસ્થિતિમાં છ ઉદ્યોગોએ કૌશલ્યા – ધી સ્કીલ યુનિવર્સિટી સાથે સમજૂતી કરાર – MoU કર્યા. પોતાના ઉદ્યોગ એકમો ખાતે નવા તાલીમ કાર્યક્રમ શરૂ કરવા આ કરાર થયા છે. ઉપરાંત આ યુનિવર્સિટી અને ઉદ્યોગ ગૃહની ભાગીદારીથી યુનિવર્સિટીના શિલજ પરિસર ખાતે બદલાતી ટૅક્નોલૉજીને અનુરૂપ નવા અભ્યાસક્રમ શરૂ કરવા પણ છ ઉદ્યોગોએ ઈરાદાપત્ર – LoI પર હસ્તાક્ષર કર્યા.

---

## કચ્છમાં-ઠંડીનો ચમકારો :

જિલ્લામાં ઠંડીએ મોડી પણ મક્કમ પકડ જમાવી છે. છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે. રાજ્યમાં નલિયા અને ગાંધીનગર સૌથી ઠંડા સ્થળો તરીકે નોંધાયા છે, જ્યાં તાપમાન 14 ડિગ્રી સેલ્સિયસ રહ્યું છે.

જિલ્લા મથક ભુજમાં પણ ઠંડીનો પારો નીચે ગગડીને 17.8 ડિગ્રીએ પહોંચતા શહેરી જનોએ ઠંડીનો ચમકારો અનુભવ્યો હતો. તો અંજાર ગાંધીધામમાં લઘુત્તમ પારો 15 ડિગ્રી તેમજ કંડલા પોર્ટમાં 18.2 ડિગ્રી તાપમાન નોંધાયુ હતું. આગામી સપ્તાહે ઠંડીનું પ્રમાણ વધે તેવી આગાહી પણ હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

---